# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ ખાતે કેરીમાં મુલ્યવર્ધન અંતર્ગત કેન્દ્રીય તાલીમ યોજાઇ

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ ખાતે કેન્દ્રીય તાલીમ અંતર્ગત “કેરીમાં મુલ્યવર્ધન” વિષય પરત્વે ચાર દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો. જેમાં સોજીત્રા તાલુકાના ગાડા ગામની કુલ ૨૬ મહિલાઓએ ભાગ લીધેલ. આ કાર્યક્રમનું આયોજન કેન્દ્રના વૈજ્ઞાનિક (બાગાયત) શ્રીમતી અમીતાબેન પરમાર દ્વારા કરવામાં આવેલ. તા. ૩૧/૦૫/૨૦૧૮ ના રોજ મહિલાઓને કેરીના પોષક તત્વો તથા તેના ફાયદાઓ વિશેની પ્રાથમીક સમજ આપ્યા બાદ કાચી કેરીમાંથી બનતી બનાવટોની વિસ્તૃતમાં માહિતી આપવામાં આવી. ત્યારબાદ પ્રત્યક્ષ નિદર્શન દ્વારા બહેનોને કાચી કેરીનું ગળ્યુ- ખાટુ અથાણું, ગુંદા-કેરીનું અથાણું, છુંદો, ચટણી તથા આંબોળીયા બનાવીને તેની રીત સમજાવી.

તા.૦૨/૦૬/૨૦૧૮ ના રોજ પાકી કેરીમાંથી બનતી બનાવટો વિશે માહિતી આપવામાં આવી તથા પ્રત્યક્ષ નિદર્શન દ્વારા બહેનોને પાકી કેરીમાંથી જામ, આમ પાપડ, ટોફી તથા સ્ક્વોશ બનાવતા શીખવ્યુ. તા.૦૪/૦૬/૨૦૧૮ નારોજ તાલીમાર્થી બહેનો દ્વારા કેરીની અન્ય બનાવટો જેવીકે કેરીનો શરબત, બાફલો, આમચુર પાવડર, બટાકીયુ વગેરે બનાવવામાં આવી. અંતમાં કે.વિ.કે.ના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી ડો. જી..જી. પટેલે તાલીમાર્થી બહેનોને મુલ્યવર્ધનથી નાના ગ્રુહ ઉદ્યોગો સ્થાપવા અથવા સ્વ સહાય જુથ બનાવી આવક મેળવવા ની પ્રેરણા આપી.

તા. ૦૬/૦૬/૨૦૧૮ ના રોજ બહેનોને આણંદ કૃષિ યુનિવર્સિટીના વિવિધ વિભાગો જેવાકે, એફ.પી.ટી. એન્ડ બી.ઇ. કોલેજ (પલ્પીંગ યુનિટ), ફ્રુટ પ્રોસેસીંગ સેન્ટર તથા સરદાર પટેલ મ્યુઝિયમની મુલાકાત કરાવવામાં આવી.












દેવાતજ


કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
આણંદ કૃષિ યુનિવર્સિટી
દેવાતજ








SARDAR PATEL
AGRICULTURAL EDUCATIONAL
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર,
આણંદ કૃષિ યુનિવર્સિટી,
દેવાતજ